**ગૌણ વન પેદાશોના લઘુતમ ટેકાના ભાવે ખરીદી અંગે રાજય તેમજ જિલ્લા સ્તરીય સંકલન અને મોનીટરીંગ સમિતિની રચના કરવા બાબત.**

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
**ઠરાવ ક્રમાંક: FRA/2017/Gol-1/Ch-1(પા.ફા.-3)**
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૧/૦૬/૨૦૨૧

**<u>વંચાણે લીધા :</u>**

(૧) આદિજાતિ વિકાસ વિભાગ નો તા.૧૨/૦૩/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: ટીએપી/૧૦/૨૦૧૩/૭૨૭/૮૮/ઘ

(૨) માન. મંત્રીશ્રી, આ.વિ.ના કાર્યાલયનો પત્ર ક્રમાંક:માન.મંત્રીશ્રી/આ.વિ., પ્રવાસન, વન, મ.બા.ક/૯૧૦/૨૧ તા.૦૧/૦૬/૨૦૨૧

(૩) કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસ, ગાંધીનગરના તા.૦૫/૦૪/૨૦૨૧ના પત્ર ક્રમાંક : જા.નં.અવક/વઅધ/વનધયોજના/૨૦૨૧/૨૫૭-૫૯

(૪) ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિ., વડોદરાનો તા.૨૬/૦૪/૨૦૨૧ના પત્ર ક્રમાંક:TRIFED/VDVK/T.17(3)/2021-22/23

**<u>પ્રસ્તાવના :</u>**

ઉકત વંચાણે લીધેલ ક્રમાંક ૧ ઉપરના વિભાગના ઠરાવથી Mechanism for Marketing of Minor Forest Produce (MFP) through Minimum Support Price (MSP) & Development of Value Chain યોજના હેઠળ રાજય તેમજ જિલ્લા સ્તરીય સંકલન અને મોનીટરીંગ સમિતિની રચના કરવામાં આવેલ હતી. ઉકત વંચાણે લીધા ક્રમાંક (૩) તથા (૪)ના પત્રોથી જિલ્લા સ્તરીય સંકલન અને મોનીટરીંગ સમિતિની રચનામાં ફેરફાર કરી, સભ્ય સચિવ ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિ.ના પ્રતિનિધિની જગ્યાએ જિલ્લા વન અધિકારીશ્રીને સભ્ય સચિવ તરીકે નિમવા બાબતની દરખાસ્ત મળેલ. સદર બાબત સરકારશ્રીની પુખ્ત વિચારણા હેઠળ હતી.

**<u>સુધારા ઠરાવ :</u>**

પુખ્ત વિચારણાના અંતે જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષપદે જિલ્લા સ્તરીય સંકલન અને મોનીટરીંગ સમિતિના સભ્ય સચિવ તરીકે ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિ.ના પતિનિધિના બદલે જિલ્લા વન અધિકારીશ્રીની નિમણૂંક કરવા માટે આથી ઠરાવવામાં આવે છે. જે અંતર્ગત હવે પછી જિલ્લા સ્તરીય સંકલન અને મોનીટરીંગ સમિતિની રચના નીચે મુજબ રહેશે.

| | | |
|---|---|---|
| ૧. | કલેકટરશ્રી | અધ્યક્ષ |
| ૨. | પ્રાયોજના વહીવટદારશ્રી | સભ્ય |
| ૩. | મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ | સભ્ય |
| ૪. | જિલ્લા વન અધિકારીશ્રી | સભ્ય સચિવ |
| ૫. | ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિ.ના પ્રતિનિધિ | સભ્ય |
| ૬. | TRIFEDના જે તે જિલ્લાના પ્રતિનિધિ | સભ્ય |

વિભાગના તા. ૧૨/૦૩/૨૦૧૫ના ઠરાવની અન્ય બાબતો યથાવત રહેશે.

આ ઠરાવ, વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર તા. ૦૩/૦૬/૨૦૨૧ની સરકારશ્રીની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(આર.આઇ.ઠક્કર)**
ઉપસચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

<u>**નકલ રવાના:**</u>

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ બિરસા મુંડા ભવન, સેકટર ૧૦-એ, ગાંધીનગર.
- વહીવટી નિયામકશ્રી, ગુજરાત રાજય વન વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા.
- નાયબ સચિવશ્રી (સંકલન), આદિજાતિ વિકાસ વિભાગ.
- રીજીયોનલ મેનેજરશ્રી, ટ્રાઇફેડ, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે પ્રાયોજના અધિકારીશ્રીઓ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવા માટે.
- સિલેકટ ફાઇલ.